आपणा देश मां आपणु राज्य

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા દેશમાં આપણું રાજ્ય

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

६० ग / १२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या ६० ग/९२

पञ्जिका संख्या ३०७७६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલી–૬૯

આપણા દેશમાં આપણું રાજ્ય

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

20886
CHECKED 1973
Initial

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પ્રથમ આવૃત્તિ, ૫,૦૦૦

સાત આના

એપ્રિલ, ૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

આપણા દેશનું રાજ્યઅંધારણ ઈ. સ. ૧૯૫૦માં અમલમાં આવ્યું. એ અંધારણમાં સામાન્ય લોકોએ જાણવા જેવું શું છે, તે કહેવાને માટે કેટલાંક પ્રકરણો છૂટક લેખો રૂપે મેં ૧૯૫૦માં 'લોક-જીવનમાં' લખેલાં. તેમાંનો નાગરિક હકનામાને લગતો તથા સરકારની અંધારણીય ફરજો કહી શકાય તેવો આદેશોને લગતો ભાગ આ પહેલાં 'સ્વરાજ એટલે શું' એ પુસ્તિકા રૂપે પ્રસિદ્ધ થયો છે. હવે આ પુસ્તિકામાં રાજ્યઅંધારણને લગતો ખાસ કહી શકાય તેવો ભાગ પ્રસિદ્ધ કરવામાં આવે છે. બંને પુસ્તિકાઓ મળીને આપણા દેશનું રાજ્યઅંધારણ સમજવામાં ઠીક ઠીક મદદ થશે, એમ માનું છું.

ચોપડી રૂપે બહાર પાડવાની દૃષ્ટિએ એ લેખોને ફરી જોઈ જઈ સુધાર્યા છે, તેમને પ્રકરણોના ક્રમમાં મૂક્યા છે, અને ક્યાંક ખૂટતી કરતી કોઈ વસ્તુ લાગી તો તે ઉમેરી છે. એથી આ ચોપડી સ્વતંત્ર ચીજ બની રહે છે. તેનું નામ તે બતાવવા માટે પાડ્યું છે.

એની ભાષા તથા શૈલી સાદી અને નાનાં મોટાં સૌને ખ્યાલમાં રાખીને યોજી છે. વિદ્યાર્થીઓને પણ તે ઉપયોગી થઈ પડશે. સામાન્ય પ્રજાજન પણ તેમાંથી અંધારણનો પરિચય મેળવી શકશે.

આશા છે કે ગુજરાતી વાચકોને એ ગમશે અને હિંદ સ્વરાજ્યનું સાચું સ્વરૂપ સમજવામાં મદદરૂપ નીવડશે.

૨૦–૪–'૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

૧.	હવે હિંદમાં કોનું રાજ્ય	૫
૨.	રાજા વિનાનું રાજ્ય	૭
૩.	પ્રતિનિધિ–રાજ્ય	૯
૪.	ચૂંટણી અને મતાધિકાર	૧૧
૫.	રાજ્યબંધારણની પ્રતિજ્ઞા	૧૬
૬.	ભારતનો રાજ્યવિસ્તાર	૧૭
૭.	ભારતનો નાગરિક	૨૦
૮.	આપણા દેશનું રાજ્યતંત્ર	૨૨
૯.	આપણી પાર્લમેન્ટ	૨૭
૧૦.	રાજ્યસભાની રચના	૨૯
૧૧.	પાર્લમેન્ટની કાર્યપદ્ધતિ	૩૨
૧૨.	ભારત-સંઘ અને તેનાં રાજ્યો	૩૫
૧૩.	ભારત-સંઘની રાજ્યરચના	૩૮
૧૪.	ભારતનાં રાજ્યોની સરકારો — ૧	૪૧
૧૫.	ભારતનાં રાજ્યોની સરકારો — ૨	૪૫
૧૬.	આપણા દેશની આંતર-ભાષા	૪૭
૧૭.	આપણી રાષ્ટ્રીય ભાષાઓ	૪૯
૧૮.	સ્વરાજ અને સ્વભાષા	૫૨
	પુરવણી	૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

હવે હિંદમાં કોનું રાજ્ય

કોઈ પૂછે કે, આપણા દેશ પર હવે કોણ રાજ્ય કરે છે, તો એના જવાબમાં શું કહીશું ?

થોડા વરસ પર કોઈ પૂછત તો આપણે તરત કહેત, 'અંગ્રેજો આપણી ઉપર રાજ્ય કરે છે. છઠ્ઠા જ્યૉર્જ આપણા દેશના રાજા છે.'

પણ ૧૯૪૭ના ઑગસ્ટની ૧૫મી તારીખે આપણે સ્વતંત્ર થયા. અંગ્રેજોની પાર્લમેન્ટે જાહેર કર્યું કે, અત્યાર સુધી અમે કરતા તે કાયદા પ્રમાણે હિંદનું રાજ્ય ચાલતું; હવે તે બંધ થાય છે; હવેથી હિંદને પૂર્ણ સ્વતંત્રતા મળે છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે હવે અંગ્રેજોનું રાજ્ય નથી ચાલતું, એ તો નક્કી છે. આપણે સ્વતંત્ર થયા છીએ; હવે સ્વરાજ આવ્યું છે; એટલે પ્રજાનું રાજ્ય ચાલે છે, એમ કહેવાય.

પણ સામાન્ય લોકો એનો શો અર્થ સમજે? એમને તો અંગ્રેજો રાજ્ય કરતા હતા ત્યારે પણ ઝાઝી ખબર નહોતી કે, કોણ કેવી રીતે બધું ચલાવે છે. તેઓ તો પોતાના ગામના કે તાલુકા જિલ્લાના સરકારી અમલદારોને જ રાજા સમજતા. અને આજે પણ ઘણા એમ માનતા હશે. ઉત્તરમાં જમીનદારો, અમલદારો વગેરે સત્તાવાળા લોકોને 'સરકાર' હજૂર' 'અન્નદાતા' કહેવાનો રિવાજ હજી પણ જોવા મળે છે.

એટલે લોકોને જો એમ કહીએ કે, "અપને દેશમેં અપના રાજ્ય" હવે તો છે, તો એ સાંભળીને સામાન્ય માણસ ગૂંચવાશે. તેને થશે, "આ કેવી વાત! હવે મારું રાજ્ય થયું એમ? એવું તો કાંઈ છે નહીં. મારું કોણ માને છે? હું તો જેવો છું તેવો જ મહેનત મજૂરી કરી ખાનાર સાદો માણસ છું; અને આ શી વાત કરે છે?"

સામાન્ય માણસની આ ગૂંચવણ સાચી છે.

આપણા લોકો એમ સમજે છે કે, એક રાજા હોય, તેના હાથ તળે કામ કરતા તેના અમલદારો હોય, અને તેઓ પોતાને ઠીક લાગે તેમ રાજ્ય ચલાવે. સ્વરાજ્ય કે પ્રજાતંત્ર અથવા લોકશાહી શી ચીજ છે, તે કેવી રીતે કામ કરે, એનો એમને ઝાઝો અનુભવ નથી. છતાં, સ્વરાજ્ય આવ્યું તેથી હવે સુખ થશે ને સુખાકારી ને આબાદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધશે, એવી આશા એ જરૂર સેવે છે. પણ એ હવે સરકાર કરશે; એટલે કે, જે કોઈ આજે રાજ્ય કરે છે તે લોકો કે અમલદારો કરશે, એમ તે સમજે છે. આ લોકો આપણા છે, એમ પણ તેને કાંઈક ખબર પડે છે; પરંતુ તેમને એ એક નોખો રાજકર્તા-વર્ગ જેવો જ માને છે. તે વર્ગ પ્રજાએ જ રચ્યો છે અને પ્રજા તેને રાખી કે કાઢી શકે છે, રાજા વિના પણ રાજ્ય હોઈ શકે, એ જે લોકશાહીનું રહસ્ય છે, તે લોકોને સમજાયું નથી. તે સમજ લોકોમાં ન જાગે તો હવે ચાલી નહીં શકે. પ્રૌઢશિક્ષણ કે લોકશિક્ષણ માટે જો મોટું એક કામ હોય, તો હવે આ પણ છે.

૨

રાજા વિનાનું રાજ્ય

રાજ્ય તો રાજા કરે, અને રાજા પરમેશ્વરનો પ્રતિનિધિ છે, એમ આપણે માનતાં શીખ્યા છીએ. એટલે રાજા વિનાનું રાજ્ય વળી કેવું હોય! એ આપણી સમજમાં આવી શકતું નથી. એટલે પછી જે કોઈ આપણી ઉપર સીધી સત્તા કે દોર ચલાવતો અમલદાર કે અધિકારી હોય, તેને જ રાજા કે રાજાનો માણસ આપણે માનીએ છીએ. અને પછી એ પ્રમાણે એની આગળ ગરીબ રૈયત જેવા રાંક બનીને વર્તીએ છીએ. આટલું આપણા લોકોને સહેજે આવડે છે; એમને શીખવવું પડે એવું નથી. આપણને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની ટેવ જ પડી ગઈ છે. એટલે સુધી કે, તેની કહેવત આપણે બનાવી કાઢી છે કે, 'સત્તા આગળ શાણપણ ન ચાલે'!

આવી ટેવ અને એવા સ્વભાવવાળા લોકને કહીએ કે, ઈ. સ. ૧૯૫૦ની ૨૬મી જાનેવારીથી લોકનું જ રાજ દેશમાં શરૂ થયું છે, તો એ એમાંથી શો અર્થ કાઢશે? આપણા ભારત દેશમાં તે દિવસથી પ્રજાસત્તાક રાજ્ય શરૂ થયું, એ તો ઉઘાડું છે. પણ તેથી શો ફરક પડચો, એની લોકોને ગમ પડે ખરી?

સરકારે, એનો રાજવહીવટ ચલાવનાર અમલદાર કે નોકરવર્ગે, લોકોની સેવા કરનારી સંસ્થાઓ તથા સેવકોએ, અને દરેક હિંદીએ પણ આ વિચાર કરવો જોઈએ. હિંદમાં પ્રજાસત્તાક રાજ્ય થયું. પણ તે શી રીતે ચાલે છે? પહેલાં કહેવાતું કે, જેવો રાજા તેવી પ્રજા. પણ સ્વરાજમાં ઊલટી વાત સાચી હોય કે, જેવી પ્રજા તેવો રાજા — તેવું રાજ્ય. હવેથી પ્રજા પોતે રાજા બને છે; તો પ્રજા જેવી હશે તેવું રાજ્ય થશે. આ પાઠ આપણે હવે શીખવાનો છે. ગાંધીજી કહેતા કે, એ પાઠ શીખવાનો અધિકાર પ્રજાને મળે એનું નામ સ્વરાજ્ય. ભૂલો કરી કરીને પણ એ પાઠ આપણે શીખવો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

પ્રતિનિધિ-રાજ્ય

હિંદમાં હવે રાજા રાજ્ય નથી કરતો, પણ પ્રજા પોતે પોતાની ઉપર રાજ્ય કરે છે. એટલે કે, હિંદમાં હવે રાજા વિનાનું રાજ્ય સ્થપાયું છે; હવે હિંદમાં પ્રજાનું સ્વરાજ્ય આવ્યું છે.

રાજમુદ્રા અને ધર્મચક્ર

આ રાજ્ય કેવી રીતે ચાલતું હશે? એની રીત સમજી લેવી જોઈએ.

આ રીતના રાજ્યને પ્રતિનિધિ-રાજ્ય કહેવાય. પ્રતિનિધિ-રાજ્ય એટલે એવું રાજ્ય કે જેને ચલાવવાને માટે પ્રજા તેનું બંધારણ રચે; અને પછી તે પ્રમાણે રાજ્ય કરવાને માટે પોતાના પ્રતિનિધિ પસંદ કરે; તેમની પાર્લમેન્ટ કે ધારાસભા બને; તે કાયદાઓ રચે; પોતાનું પ્રધાનમંડળ બનાવે; અને તેને એ કાયદાઓ મુજબ રાજ્ય કરવા પ્રજા કહે. જ્યાં સુધી પ્રધાનમંડળ આ કામ પાર્લમેન્ટને ગમે તે ઢબે ચલાવે, ત્યાં સુધી તે પ્રધાનો રાજ્ય ચલાવે; જો ન ગમે તો પાર્લમેન્ટ એમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂર કરીને બીજા પ્રધાનમંડળને સોંપે. અને પાર્લમેન્ટ પર લોકમત ચોકી રાખે.

આ રીતે રાજ્ય ચલાવવાની રીતને कायदानुं राज्य પણ કહે છે. કારણ કે, એ રાજ્યમાં કાયદાથી મોટું કોઈ હોઈ નથી શકતું.

આ રીતે રાજ્યની ઢબ રાખવાથી લોકોને સંતોષ રહે છે; જેવો વખત તેવો ફેરફાર કરવાની તેમાં મોકળાશ મળે છે; પ્રજા ન્યાયની આશા રાખી શકે છે; સૌની સમાનતા વધારે સચવાય છે; જુલમને માટે સ્થાન કમી થઈ શકે છે.

પણ આ રીત સફળ કરવાની એક મોટી શરત છે, તે યાદ રાખવી જોઈએ : લોકોએ ગફલતમાં રહેવું ન જોઈએ. પાર્લમેન્ટના તેમના પ્રતિનિધિઓ શું કરે છે તે જોતા રહેવું જોઈએ. કાયદો પાળવામાં અને બંદોબસ્ત જાળવવામાં દરેક નાગરિકે સમજભેર ભાગ લેવો જોઈએ. ટૂંકમાં, તેણે જાગતા રહેવું જોઈએ.

ગુલામી અને આઝાદીમાં મોટો કશો ફરક હોય તો આ જ છે. ગુલામીમાં માણસ ગાફેલ રહે તોય શું ? શેઠ જાણે ને તેનું કામ જાણે ! આથી કરીને માણસને ગુલામી નીચો પાડે છે; તે નીતિમાં ઊતરી જાય છે. ત્યારે આઝાદી તેને જવાબદાર બનાવે છે. ગાફેલ રહીએ તો ગોથું ખાઈ જઈએ, તેથી એની મેળે આપણે ચેતતા રહીએ છીએ; મન ઉપર ચાનક રહે છે. તેથી એક મહાપુરુષે કહ્યું છે કે, આઝાદી ભોગવવી હોય તો સદા સાવધ ને હોશિયાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેવું જોઈએ. એટલું એનું મૂલ્ય ચૂકવો, તો પછી બધો જ ફાયદો થશે : સમાજ પડશે નહીં પણ ચડતો જ જશે.

તેથી કરીને દેશમાં સ્વરાજ અને સ્વતંત્રતા જોઈએ જ; એ વગર દેશની પડતી થાય, એમ સૌ કોઈ કહે છે.

આપણા દેશમાં પ્રતિનિધિ-રાજ્ય ઈ. સ. ૧૯૫૦ના જાનેવારીની ૨૬મીથી શરૂ થઈ ગયું છે. તે માટે તેનું બંધારણ ઘડાયું છે. તે મુજબ રાજ્ય ચાલશે. આવા બંધારણ-રાજ્યની મુખ્ય બાબતો દરેક નાગરિકે જાણવી જોઈએ.

૪

ચૂંટણી અને મતાધિકાર

૧

દુનિયાના વિચારવંત લોકો કહે છે કે, પ્રજાસત્તાક રાજતંત્ર કે લોકશાહી એ રાજ્ય ચલાવવાની ઉત્તમ પદ્ધતિ છે. કારણ કે, રાજ્યની પ્રથા પ્રજાને માટે, પ્રજાના હિતને સારુ ઊભી થઈ છે. તેથી તેમાં જો પ્રજા પોતે જ પોતાના મત પ્રમાણે કામ કરે, તો જ તેને સંતોષ રહે, અને પોતાને જે વધારેમાં વધારે હિતકર લાગતું હોય તે મુજબ વર્તે અને કાયદા કરી શકે. એટલે, જે રાજ્ય પ્રજાનું હોય, પ્રજા મારફતે ચાલતું હોય, અને પ્રજાના હિતમાં કામ કરતું હોય, તે રાજ્ય ઉત્તમ, એમ એક પ્રખ્યાત રાજપુરુષ કહી ગયો છે.

અહીં આગળ પ્રશ્ન એ થશે કે, પ્રજા એટલે તો સૌ કોઈ. નાનાં મોટાં, અભણ ભણેલાં, સમજુ અણસમજુ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંક રાય, એ બધાં જ પ્રજા તો કહેવાય. અને રાજ્યની નજરમાં તો એકેએક પ્રજાજન સરખો. તો પછી એ બધાનું રાજ્ય એટલે કોનું રાજ્ય ? એ બધાનો મત શો છે, તે કેવી રીતે જાણી શકાય ? એ બધાની મારફતે રાજ્ય ચાલવું જોઈએ, એટલે કોની મારફતે ? વ્યવહારનો વિચાર કરતાં આવા આવા અનેક સવાલો આપણી સામે આવે છે. એનો ઉત્તર પણ વિચારવંત લોકોએ શોધી કાઢ્યો છે.

પ્રજાએ પોતાના મત પ્રમાણે જો રાજ્ય કરવું હોય, તો તેણે જે પોતાને ગમતા હોય, જેમનામાં પોતાને વિશ્વાસ હોય, તેવા માણસોને પોતાનામાંથી પસંદ કરવા જોઈએ. અને પછી રાજ્યની લગામ પોતા વતી તેમના હાથમાં મૂકવી જોઈએ. આમ પસંદ કરવામાં આવતા માણસ તે પ્રજાના પ્રતિનિધિ કહેવાય. તેવા પ્રતિનિધિ અમુક વર્ષો બાદ ફરી ચૂંટાયા કરે એવી ગોઠવણ કરવી જોઈએ.

૨

પ્રતિનિધિ પસંદ કરવાની રીત પણ નક્કી કરવી જોઈએ; નહિ તો કોકને એક પસંદ પડે ને કોકને બીજો. એવી સ્થિતિમાંથી તોડ શી રીતે નીકળે ? તેને સારુ મતાધિકાર અને ચૂંટણીની યુક્તિ શોધવામાં આવી છે.

પ્રથમ દરેક પ્રજા પોતાના કયા માણસને મત આપવાનો અધિકાર છે એ નક્કી કરે છે. વિચારવંત લોક કહે છે કે, પુખ્ત વયનાં બધાં સ્ત્રી-પુરુષને મતાધિકાર મળવો જોઈએ; મતદાર બનવાને માટે તે ઉપરાંત બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાયકાતની જરૂર ન રહેવી જોઈએ. આવા મતાધિકારને પુખ્ત-મતાધિકાર કહે છે.

આપણા દેશના બંધારણ હેઠળ ૨૧ વર્ષની ઉંમરની તમામ વ્યક્તિઓને મતાધિકાર આપવામાં આવ્યો છે. એ રીતે લગભગ સત્તર કરોડ વ્યક્તિઓને આજે આપણા દેશમાં મતાધિકાર છે.

મતાધિકાર નક્કી થયા પછી મતદારો પ્રતિનિધિની ચૂંટણી કરે. કોઈ પણ એક નક્કી દિવસ અગાઉ, જે કોઈ મતદાર ચૂંટણીમાં ઊભો રહેવા માગતો હોય, તે ઉમેદવાર તરીકે પોતાનું નામ નોંધાવી દે. નોંધાવા માગનાર પોતે મતદાર હોવો જોઈએ. નક્કી કરેલી તારીખની અંદર અને નોંધવાને માટે ઠરાવેલા વિધિ પ્રમાણે તેણે પોતાનું નામ નોંધાવવું જોઈએ.

એમ પ્રતિનિધિ તરીકે ચૂંટાવાને માટે ઊભા થયેલા ઉમેદવારો નોંધાયા પછી, ચૂંટણી માટે એક દિવસ ઠરાવવામાં આવે છે. તે દિવસે બધા મતદારો પોતપોતાનો મત આપી આવે છે.

૩

મત આપવાને માટે ખાસ છાપેલા મતપત્ર રાખવામાં આવે છે. તેના નમૂનાનું ચિત્ર નીચે છે તે જુઓ. ક્રમાંક પછીના પહેલા ખાનામાં ઉમેદવારોનાં નામ કક્કા-વારીથી આપ્યાં છે. પછીના ખાનામાં નિશાનીનું ચિત્ર છે. ત્રીજું ખાનું કોરું છે. એ કોરા ખાનામાં x આમ ચોકડી કરીને, તે ખાનાવાળા ઉમેદવારને હું મત આપું છું, એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાવવાનું હોય છે. ચોકડી ઉપરાંત કશું ન કરવું જોઈએ. મતપત્ર ઉપર સહી પણ ન કરવી જોઈએ. બે ઉમેદવાર

૧	ગોવિંદભાઈ બહેચરભાઈ પટેલ		×
૨	વેણીલાલ છગનલાલ શાહ		
૩	હોરમસજી એદલજી મહેતા		×

ચૂંટવાના હોય તો બે નામોની સામે ચોકડી કરવાનો હક હોય છે. એનાથી વધારે ચોકડી ન કરાય. આમાંની એક બાબતમાં જો ભૂલ થાય, તો તે મતપત્ર મતગણતરી વેળા રદ કરવામાં આવે છે, એટલે તે મતદારોનો મત નકામો જાય છે.

મતદાર અભણ હોય તો તે ઉમેદવારનું નામ વાંચી ન શકે, પણ ચિત્રની નિશાની સમજી જાય.

મતપત્રો નાખવાની પેટી સીલબંધ હોય છે. ધર્માદા પેટીમાં હોય છે તેવો ઉપર એક નાનો છેદ જ તેને હોય છે. તેમાંથી મતદાર પોતાનો મતપત્ર અંદર નાખે છે. મતપત્ર ઉપર સહી નથી હોતી; મતપેટીની ઓરડીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજું કોઈ માણસ આવી નથી શકતું. આથી મતદાર પોતાનો મત કોઈ ન જાણે એમ અને શાંતિથી વિચાર કરીને છૂટથી આપી શકે છે.

મત મેળવવાને માટે લાંચ ન આપી શકાય; મતદારને લલચાવવાને માટે અઘટિત યુક્તિઓ પણ ન કરી શકાય. ચૂંટણીને દિવસે મત આપવા માટેના સ્થાનથી અમુક અંતર અંદર રહીને પ્રચાર ન કરી શકાય; ચૂંટણી માટે અમુક મર્યાદામાં જ ખર્ચ કરી શકાય, તથા તેનો હિસાબ ચૂંટણી પતી ગયા પછી દરેક ઉમેદવારે રજૂ કરવો પડે. આવી આવી અનેક બાબતો વિષે સરકાર નિયમો કરે છે, કે જેથી ચૂંટણીમાં કશી અઘટિત કે અપ્રામાણિક રીતો કામમાં ન લેવાય.

ચૂંટણીમાં કશી પણ ખોટાઈ કે પદ્ધતિમાં ભૂલચૂક યા આડ-રીતો થાય, તો તેની ફરિયાદ થઈ શકે. અદાલત તપાસ કરીને જો જુએ કે ફરિયાદ બરોબર છે, તો ચૂંટણીનું પરિણામ રદ પણ કરે, અને ઇચ્છે તો ગુનેગાર લોકોને સજા પણ કરી શકે.

અર્વાચીન પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ આવી રીતે ઘડવામાં આવી છે. મતાધિકાર અને ચૂંટણી એ એનાં મુખ્ય સાધન છે. મતદારો એ સાધનોને જેવી રીતે વાપરે, તેના ઉપર તેના સારા-નરસાપણાનો આધાર રહે છે. જો મતદારો પોતાની જવાબદારી બરોબર સમજે અને જે લાયક હોય તેને જ મત આપે, તો જ યોગ્ય પ્રતિનિધિઓ ચૂંટાય અને તેઓ સારું રાજ્ય ચલાવી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

રાજ્યબંધારણની પ્રતિજ્ઞા

બંધારણ-રાજ્યનું લક્ષણ એ છે કે, તે રાજ્યનો કારભાર અમુક નક્કી બંધારણ મુજબ ચાલવો જોઈએ. તે રાજ્યનો અધિપતિ રાજા હોય અથવા પ્રજાએ ચૂંટેલો પ્રમુખ પણ હોય. જેમ કે, અમેરિકામાં રાજા નથી, પણ પ્રમુખ છે, અને તે અમેરિકાનું રાજ્ય તેની પ્રજાએ ઠરાવેલા બંધારણ મુજબ ચલાવે છે. વિલાયતમાં રાજા છે; તે એ દેશનું રાજ્ય ત્યાંના બંધારણ પ્રમાણે ચલાવે છે. એટલે વિલાયતની પાર્લમેન્ટ કહે તેમ એ રાજ્ય ચલાવે છે.

આથી આવા રાજ્યનું કાઠું તેનું બંધારણ બને છે. બંધારણમાં શરૂમાં પ્રતિજ્ઞા કરવામાં આવે છે. આપણા દેશના બંધારણમાં તેવી પ્રતિજ્ઞા નીચે પ્રમાણે છે:

"ભારત દેશના અમે પ્રજાજનોએ ગંભીરતાથી નક્કી કર્યું છે કે, અમારા દેશમાં સર્વસત્તાધીશ લોકશાહી પ્રજાસત્તાક રાજ્ય રચવું; અને તેના બધા નાગરિકોને નીચેની બાબતની ખાતરી આપવી કે, સૌને

સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;

વિચાર, વાણી, માન્યતા, ધર્મ અને પૂજાપાઠમાં સ્વતંત્રતા;

દરજ્જો અને તકમાં સમાનતા મળી રહેશે;

અને વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની રક્ષાની ખાતરી આપે એવી ભ્રાતૃભાવના સૌમાં વધારવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી કરીને, આજ રોજ તા. ૨૬મી નવેમ્બર, ૧૯૪૯ને દિવસે, અમે અમારી બંધારણસભામાં આ બંધારણ સ્વીકારીએ છીએ, તેનો કાયદો કરીએ છીએ, અને અમે પોતાને તે અર્પીએ છીએ."

આ પ્રતિજ્ઞામાં આપણા દેશનો આદર્શ અને પ્રજાજનને મળતો હક બેઉ ટૂંકામાં કહ્યાં છે. તે બંને સાચવીને બંધારણમાં જે મૂકયું છે તે મૂકયું છે, એમ પણ તે પ્રતિજ્ઞાનો અર્થ છે. એટલે આપણને સ્વરાજ મળ્યું એનો ચોખ્ખો અર્થ બતાવ્યો છે, તે એ કે, આપણે જ આપણા દેશનું રાજ્ય કેમ ચાલે તે હવે ઠરાવ્યું છે. અંગ્રેજી હકૂમત હવે રહી નથી.

૬

ભારતનો રાજ્યવિસ્તાર

બંધારણે પહેલી વાત દેશના નામની, તેના રાજ્ય-વિસ્તારની, અને તેમાં કયાં કયાં રાજ્યો છે, તે કરી છે.

આપણા દેશનું નામ "ઇંડિયા" અથવા ભારત કહેવું એમ ઠરાવવામાં આવ્યું છે. ૧૯૪૭માં સ્વતંત્ર થયા તે પહેલાં આપણા દેશનો જે રાજ્યવિસ્તાર હતો, તેમાંથી પાકિસ્તાન છૂટું થયું, એટલો ભાગ ઓછો થયો. છતાં લગભગ ૩૫ કરોડની વસ્તી જેવડો પ્રદેશ આપણા દેશમાં છે.

આ મોટા પ્રદેશમાં કુલ ૨૮ પ્રાંતો કે સૂબા છે. બંધારણમાં તે દરેક સૂબાને 'રાજ્ય' કહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ૨૮ રાજ્યોના વહીવટ ઉપરથી તેમના ત્રણ મોટા ભાગ પડે છે. પહેલા ભાગમાં નીચેના નવ પ્રાંતો આવે છે—

૧. આસામ, ૨. બિહાર, ૩. મુંબઈ, ૪. મધ્ય પ્રદેશ, ૫. મદ્રાસ, ૬. ઓરિસ્સા, ૭. પંજાબ ૮. ઉત્તર પ્રદેશ, ૯. પશ્ચિમ બંગાળ.

આ નવ પ્રાંતોમાં ગવર્નરો હોય છે. ધારાસભાઓ અને પ્રધાનમંડળો ત્યાંનો રાજ્યકારભાર ચલાવે છે.

બીજો મોટો વિભાગ છે તેમાં જૂનાં દેશી રાજ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. પહેલાં તો પાંચસો ઉપર એમની સંખ્યા હતી. તેમાંથી આજે લગભગ પંદરેક રહ્યાં છે.

તે રાજ્યોમાં તેમના રાજા રાજ્યપ્રમુખ કહેવાય છે; અને તેઓનાં પ્રધાનમંડળો રાજ્ય ચલાવે છે. નીચેનાં આઠ રાજ્યો તેવા વહીવટ તળે ચાલે છે—

૧. હૈદરાબાદ, ૨. જમ્મુ-કાશ્મીર, ૩. મધ્ય ભારત, ૪. મૈસૂર, ૫. પતિયાળા ને પૂર્વ પંજાબનું રાજ્યમંડળ (‘પેપ્સુ’) ૬. રાજસ્થાન, ૭. સૌરાષ્ટ્ર, ૮. ત્રાવણકોર-કોચીન.

ત્રીજા વિભાગમાં કેટલાંક નાનાં રાજ્યો આવે છે. તે બધાં વડી સરકારની સીધી દેખરેખ નીચે ને તેના વહીવટ તળે છે. અને તે રીતે તેમનો નોખો વર્ગ ગણાયો છે. તે નીચેનાં છે:

૧. અજમેર, ૨. ભોપાળ, ૩. બિલાસપુર, ૪ કુર્ગ, ૫. દિલ્હી, ૬. હિમાચલ પ્રદેશ, ૭. કચ્છ, ૮. મણિપુર, ૯. ત્રિપુરા, ૧૦. વિંધ્ય પ્રદેશ.

આ ઉપરાંત એક ચોથો વિભાગ પડચો છે, તેમાં આંદામાન અને નિકોબાર બે ટાપુઓ છે. તે હિંદી મહાસાગરમાં છે, અને આપણા દેશની હદમાં આવે છે.

આ બધાં રાજ્યોની સ્થિતિ સરખી નથી. કોઈ આગળ તો કોઈ પાછળ હશે. પરંતુ તેમના આખા વિસ્તારમાં રહેતા દરેક નાગરિકને બંધારણ સમાન ભાવે ગણે છે, અને સૌને આગળ વિકાસ કરવા માટે પૂરી તક અને મદદ આપવાનું જણાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

ભારતનો નાગરિક

આપણે અમુક સમાજમાં રહીએ છીએ; અને અમુક દેશમાં રહીએ છીએ. પણ એ સમાજ અને એ દેશ સરખી વસ્તુ નથી. બંને જુદી જાતની વસ્તુઓ છે. દેશ એક રાજકીય અને પ્રદેશને લગતી વસ્તુ છે. તેની હદ નક્કી હોય છે. તેના પર રાજ્ય કરનારી સરકાર હોય છે. તેમાં રહેતા બધા લોકો તે રાજ્યની પ્રજા કે રૈયત કે તેનો સમાજ પણ કહેવાય છે. લોકશાહી રાજ્યપદ્ધતિમાં રૈયત કે પ્રજાનો દરેક માણસ નાગરિક કહેવાય છે અને તેને અમુક હક તેમ જ જવાબદારી હોય છે. તેથી કરીને દરેક દેશનું રાજ્યબંધારણ તેનો નાગરિક કોણ કહેવાય, તે નક્કી કરી આપે છે. હિંદના બંધારણમાં તે વિષે શું કહ્યું છે તે જોઈએ.

હિંદનો રાજ્યવિસ્તાર કયા કયા પ્રાંતો મળીને થાય છે, તે આપણે ગયા પ્રકરણમાં જોયું. તે વિસ્તારના દરેક ભાગનો વતની હિંદનો નાગરિક છે. વતની કોણ ગણાય, એ ત્રણ રીતે નક્કી કરાયું છે—

૧. તે હિંદમાં જન્મ્યો હોય, અથવા

૨. તેની માતા કે પિતા હિંદમાં જન્મ્યાં હોય, અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. બંધારણ અમલમાં આવે તે પહેલાં ઓછામાં ઓછાં પાંચ વરસથી પોતે હિંદમાં રહેતો હોય ને બીજા કોઈ દેશનો નાગરિક પોતે સ્વેચ્છાએ ન બન્યો હોય.

આમ જન્મ, વંશ કે વતન ત્રણમાંથી કોઈ એક કારણથી નાગરિક થઈ શકાય છે.

પાકિસ્તાન થવાથી વસ્તીની ખૂબ હેરફેર થઈ. આથી કરીને ઉપરના સાદા નિયમમાં વધારે વિચાર કરવાનો થયો. જેમ કે, જેઓ પાકિસ્તાન ગયા તે જૂના હિંદીઓનું શું? જેઓ પાકિસ્તાનથી હિંદમાં આવ્યા તેમનું શું? વળી, કેટલાક તો આવે છે ને જાય છે, તેમનું શું? બંધારણમાં આ બધા અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે.

અને નાગરિકતા નક્કી કરવા માટે આગળ ઉપર વળી કાંઈ વિચાર કરવો પડે, તો તેમ કરવાની સત્તા પાર્લમેન્ટને આપવામાં આવી છે.

આ ઉપરાંત એક ત્રીજો વર્ગ એવા લોકોનો છે કે જે હિંદ બહાર આફ્રિકા, યુરોપ, જાવા, સુમાત્રા ઇત્યાદિ દેશોમાં જઈને રહેતા હોય. તેઓ હિંદના નાગરિક થવા માગે તો થઈ શકે. તેને માટે તે દેશોમાં આપણા એલચી મારફત તેમણે અરજી કરવી જોઈએ.

પરંતુ મોટો નિયમ એ છે કે, કોઈ પણ હિંદી હિંદનો નાગરિક હોય અને બીજા દેશનો પણ નાગરિક બને, એવી બેવડી નાગરિકતા બની શકશે નહીં.

આમ નાગરિક બનનારાને હિંદનું બંધારણ અમુક મૂળભૂત હકો બક્ષે છે. આ હકો અને સરકારની તે હકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચવીને રાજ્યનીતિ ઘડવાની જવાબદારી,— એ આપણા બંધારણનો મુખ્ય અને મૂળ ભાગ છે. તેમાં આપણી આઝાદીનો અમરપટો લખાયો છે, એમ કહી શકાય. તે વિષે જુદા પુસ્તકમાં વિગતે વિચાર આપ્યો છે.[૧] તેથી અહીં તો બંધારણે દેશનું રાજ્યતંત્ર કેવું ગોઠવવાનું નિરધાર્યું છે, તે જોઈશું.

૮

આપણા દેશનું રાજ્યતંત્ર

માનવ સમાજમાં ધર્મ, નીતિ વગેરે જરૂરનાં છે; સમાજની વ્યવસ્થા માટે લગ્ન, વારસાહક, માલકીહક વગેરે વિષે નીતિનિયમો જરૂરના હોય છે; તેમ જ રાજા કે રાજ્યવ્યવસ્થા પણ જરૂરની હોય છે. બલકે, તે જો ન હોય તો સમાજ કે તેનું કામકાજ વગેરે ટકી ન શકે. તેથી સમાજમાં નીતિ અને ધર્મની આણ જોઈએ, તેની સાથે રાજ્યની આણ પણ હોવી જોઈએ. આમ માનવસમાજના ધારણને માટે રાજ્યસંસ્થા જરૂરની છે.

રાજ્યસંસ્થાનાં મુખ્ય ત્રણ અંગ ગણાય છે—

૧. કારોબારી, ૨. ધારાસભા કે પાર્લમેન્ટ, અને ૩. અદાલત. પહેલું અંગ રાજ્યવહીવટ ચલાવે, બીજું અંગ કાયદા ઘડે, અને ત્રીજું અંગ તે પ્રમાણે ન્યાય ચૂકવે.

૧. 'સ્વરાજ એટલે શું' એ પુસ્તિકા જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલું કારોબારી અંગ સામાન્ય રીતે જેને સરકાર કહેવાય છે તે છે. રાજ્યતંત્રનું આ અંગ બહુ મહત્ત્વનું છે. લોકોને પોતાના રોજ-બ-રોજના જીવનમાં રાજ્યના આ અંગ જોડે લેવાદેવા રહે છે. તે અંગની રચના કેવી રીતે થશે, તે બંધારણના ખંડ ૫ ના પ્રકરણ ૧ માં બતાવ્યું છે. તે જોઈએ.

રાષ્ટ્રપતિ

ભારતના ગણરાજ્યની કુલ કારોબારી સત્તા રાષ્ટ્રપતિને સોંપવામાં આવી છે. તેમણે તે સત્તાનો ઉપયોગ બંધારણ અનુસાર કરવો જોઈએ. જો તે બંધારણનો કોઈ રીતે ભંગ કરે, તો તેમને પાર્લમેન્ટ પૂછી શકે અને તેમના ઉપર કામ ચલાવી શકે. મતલબ કે, રાષ્ટ્રપતિ ભારતના રાજ્યના કુલ સત્તાધીશ છે, પણ તે બંધારણે આંકેલી મર્યાદામાં. રાષ્ટ્રપતિ પણ બંધારણ ઉલ્લંઘી ન શકે.

એમની ચૂંટણી કરવામાં આવશે. ભારત સંઘનાં જુદાં જુદાં રાજ્યોની ધારાસભાઓમાં તથા વડી ધારાસભા કે પાર્લમેન્ટમાં ચૂંટાયેલા બધા સભ્યો મળીને રાષ્ટ્રપતિ ચૂંટશે. તેને સારુ મત આપવાની પદ્ધતિ એવી નક્કી કરી છે કે જેથી કોઈ રાજ્યને વધારેપડતો લાભ ન મળી જાય.

એક વાર ચૂંટાયા પછી રાષ્ટ્રપતિ પાંચ વરસ કામ કરશે. બાદ નવી ચૂંટણી થશે. જોકે તેમાં તેની તે વ્યક્તિ ફરી ચૂંટાઈ શકશે. મતલબ કે, દર પાંચ વરસે રાષ્ટ્રપતિની ચૂંટણી થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાય તે ભારતનો નાગરિક હોવો જોઈએ. તેની ઉંમર ૩૫ વરસથી ઓછી ન હોવી જોઈએ. પાર્લમેન્ટની લોકસભાના સભ્ય તરીકે ચૂંટાવા માટેની લાયકાત તેની હોવી જોઈએ. પણ તે પાર્લમેન્ટનો સભ્ય નહીં રહી શકે; જો સભ્ય હોય ને રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાય તો સભ્ય તરીકે આપોઆપ મટી જશે. ઉપરાંત તે કોઈ રીતે સરકારની નોકરીમાં ન હોવો જોઈએ.

રાષ્ટ્રપતિને પગાર, ભથ્થું વગેરે પાર્લમેન્ટ ઠરાવે તે તે મુજબ આપવામાં આવશે. રહેવા માટે ઘટતું મકાન અપાશે. એક વખત પગાર, ભથ્થું ઇ૦ ઠરાવ્યા પછી, પાંચ વરસની તેમની કારકિર્દી દરમિયાન તેમાં સુધારો નહીં કરી શકાય.

રાષ્ટ્રપતિ રાજીનામું આપે કે મરણને કારણે જગા ખાલી થાય, તો બનતી ઉતાવળે અને વધુમાં વધુ છ માસની અંદર નવા રાષ્ટ્રપતિની ચૂંટણી કરવામાં આવશે. તરતોતરત તે જગાએ ઉપરાષ્ટ્રપતિ કામ કરશે, કે જે પદની જોગવાઈ પણ બંધારણમાં કરવામાં આવી છે.

ઉપરાષ્ટ્રપતિ

ઉપરાષ્ટ્રપતિ પણ ચૂંટણીથી નક્કી થશે. તે પદ પણ પાંચ વરસનું રહેશે. પછી ફરી ચૂંટણી થશે.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પાર્લમેન્ટની બંને શાખાના સભ્યોની ભેગી બેઠકમાં છૂપો મત આપવાની પદ્ધતિથી થશે.

પાર્લમેન્ટની બે શાખા રહેશે — લોકસભા અને રાજ્યસભા. ઉપરાષ્ટ્રપતિ પોતાના હોદ્દાની રૂએ રાજ્ય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સભાના પ્રમુખ તરીકે કામ કરશે. તેને માટે બંધારણે નિયત કર્યા પ્રમાણે તેને પગાર મળશે. બીજી કોઈ કામગીરીથી તે, આ પગાર ઉપરાંત, મળતર નહીં કરી શકે.

રાષ્ટ્રપતિ તથા ઉપરાષ્ટ્રપતિ પોતાના હોદ્દા ઉપર આવે તે પહેલાં તેમણે બંધારણની વફાદારીના સોગન લેવા જોઈશે.

પ્રધાનમંડળ

રાષ્ટ્રપતિને તેમના કામમાં મદદ કરવા તથા સલાહ આપવા વડા પ્રધાનની આગેવાની તળે પ્રધાનમંડળ હશે. વડા પ્રધાનની સલાહ પ્રમાણે રાષ્ટ્રપતિ બીજા પ્રધાનો નીમશે.

પ્રધાનમંડળ સંયુક્ત રીતે પાર્લમેન્ટને જવાબદાર રહેશે. કોઈ પણ પ્રધાન પોતાના પદ પર આવે તે પહેલાં તેણે પોતાના પદને અંગે તથા ગુપ્તતાના સોગન લેવા જોઈશે.

પ્રધાનોનો પગાર, ભથ્થાં વગેરે પાર્લમેન્ટ વખતોવખત કાયદાથી જેમ નક્કી કરે તે મુજબ રહેશે.

પ્રધાનમંડળ ઉપરાંત રાષ્ટ્રપતિ એક બીજા અધિકારીને પણ નીમશે, તે હિંદના ‘ એટૉની–જનરલ ’, એટલે કે દેશનો વડો વકીલ. દેશની સૌથી વડી અદાલતનો જજ બની શકે એવી લાયકાતવાળો તે માણસ હોવો જોઈએ. કાયદા અંગે કાંઈ સલાહ લેવી તથા તે વિષે ભારત સરકારને કે રાષ્ટ્રપતિને જે જે કાંઈ કામ પડે તે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડા-વકીલે કરવાનું રહેશે. રાષ્ટ્રપતિ નક્કી કરે તે પગાર તેને મળશે.

આ રીતે દેશનું કારોબારી તંત્ર કે તેની સરકાર રચાશે. રાષ્ટ્રપતિ તેના કાનૂની અધ્યક્ષ છે. પોતે નીમેલા પ્રધાનમંડળની સલાહ લઈને તે રાજ્ય ચલાવશે. તે માટે તે પ્રધાનોને જુદાં જુદાં કામોનાં ખાતાં સોંપશે અને કામકાજ કઈ ઢબે ચાલે તેના નિયમો કરી આપશે.

વડા પ્રધાનની ફરજ હશે કે, તે દેશનાં કામકાજ વિષે તથા કયા કાયદા ઘડવા છે તે વિષે પ્રધાનમંડળ જે ઠરાવો કરે, તે બધું રાષ્ટ્રપતિને જણાવતા રહે. રાષ્ટ્રપતિ તેમને આ બધા અંગે વિશેષ કાંઈ પૂછવું કરવું હોય તો પૂછશે અને તે બધી માહિતી વડા પ્રધાને આપવી જોઈશે. કોઈ ખાતાના પ્રધાને પોતાના ખાતાના કોઈ કામ વિષે અમુક નિર્ણય કર્યો હોય, પણ તે પ્રધાનમંડળે ન વિચાર્યો હોય, ને રાષ્ટ્રપતિ ઇચ્છે કે તે પ્રધાનમંડળ વિચારે, તો તે તેમ કરાવી શકશે.

આમ વડા પ્રધાનની આગેવાની તળે પ્રધાનમંડળ કામ કરશે, અને તેમની સલાહ મુજબ દેશનું રાજ્ય રાષ્ટ્રપતિ ચલાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

આપણી પાર્લમેન્ટ



ગયા પ્રકરણમાં આપણે રાજ્યસંસ્થાનાં મુખ્ય ત્રણ અંગ — ૧. કારોબારી, ૨. ધારાકીય, ૩. અદાલતી. તેમાંનું પહેલું અંગ કેવી રીતે રચાશે તે જોયું. બીજું અંગ કાયદાકાનૂન ઘડે તે. એ વિષે હવે જોઈએ.

રાષ્ટ્રની સર્વસત્તાધીશ ધારાસભાનું નામ પાર્લમેન્ટ આપણે સામાન્ય ભાષામાં વાપરીએ છીએ. તેને માટે દેશી શબ્દ **સંસદ** યોજવામાં આવ્યો છે.

પાર્લમેન્ટમાં ત્રણ અંગ

ભારત સંઘ માટે પાર્લમેન્ટ કે **સંસદ**ની જોગવાઈ કરવામાં આવી છે. તેનાં નીચેનાં ત્રણ અંગ છે :

૧. રાષ્ટ્રપતિ, ૨. લોકસભા, ૩. રાજ્યસભા. રાષ્ટ્રપતિ વિષે આપણે જોઈ ગયા. સંસદના કામમાં તેમને સંસદના અંગ તરીકે ગણવામાં આવે છે. બંધારણ મુજબ તેમણે શો ભાગ ભજવવાનો છે, તે આગળ આપણે જોઈશું.

લોકસભા

સામાન્ય રીતે દેશની ધારાસભાના બે ભાગ રહે છે. તે બંને મળીને કાયદા વિચારે છે. જેમ કે, વિલાયતની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાર્લમેન્ટમાં સામાન્ય લોકોના પ્રતિનિધિઓની આમની સભા કે આમ-સભા અને અમીર ઉમરાવોની ઉમરાવ-સભા કે ખાસ-સભા છે. હિંદના બંધારણમાં પણ વડી ધારાસભાના આવા બે ભાગની જોગવાઈ રાખી છે. આમ-લોકના પ્રતિનિધિઓની આમ-સભાને **લોકસભા** કહેવામાં આવે છે; અને ભારતનાં જુદાં જુદાં બધાં રાજ્યોની ધારાસભાઓએ ચૂંટેલા પ્રતિનિધિઓની સભાને **રાજ્યસભા** કહેવામાં આવે છે.

લોકસભાના ૫૦૦ કરતાં વધારે સભ્યો ન હોઈ શકે. ભારતનાં જુદાં જુદાં પ્રદેશરાજ્યોના મતદારો એમને ચૂંટશે. દર પાંચ લાખની વસ્તીએ એક સભ્ય ચૂંટશે, વધારે નહીં. અને દર સાડા સાત લાખની વસ્તીએ ઓછા-માં ઓછો એક સભ્ય તો ચૂંટશે જ. આ નિયમ પ્રમાણે, રાજ્યોના પ્રદેશને વહેંચીને અલગ અલગ મતદારવિભાગો ગોઠવવા જોઈશે. ચૂંટણીના કામને માટે તેનો ખાસ સ્વતંત્ર કમિશનર રહેશે.

જે માણસ હિંદનો નાગરિક ન હોય તે લોકસભાનો સભ્ય નહીં થઈ શકે. તેની ઉંમર ૨૫ વરસથી ઓછી નહીં હોવી જોઈએ. ઉપરાંત તેને માટે લાયકાત ઠરાવતો કોઈ કાયદો સંસદ કરે, તો તે મુજબની તેની લાયકાત હોવી જોઈએ. મતલબ કે, સંસદ પોતાના સભ્યની લાયકાત કે નાલાયકાત વિષે કાયદો કરી શકે છે.

સરકારી નોકર કે કોર્ટે નાદાર ઠરાવેલો માણસ કે ગાંડો માણસ કે જેણે બીજા દેશની નાગરિકતા લીધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તેવો માણસ—આવા માણસો લોકસભાના કે રાજસભાના સભ્ય ન થઈ શકે.

આમ ચૂંટાયેલી લોકસભા સામાન્ય રીતે પાંચ વરસ સુધી કામ કરશે. દેશમાં ખાસ કટોકટી જાહેર થઈ હોય અને તે જ વખતે વચમાં પાંચ વરસ જો પૂરાં થાય, તો સંસદ કાયદો કરીને એકીસાથે એક વરસ સુધી પોતે વધારે ખેંચી શકે. પરંતુ તે સાથે એવી શરત મૂકી છે કે, કટોકટી પૂરી થયા પછી ૬ માસથી વધારે તો તે ન જ ખેંચી શકે,—ભલે ગમે તે સંજોગો હોય.

લોકસભા પોતાના સભ્યોમાંથી એકને પોતાના પ્રમુખ કે 'સ્પીકર' અને બીજાને ઉપ-પ્રમુખ કે નાયબ 'સ્પીકર' તરીકે ચૂંટશે. આ બંને અધિકારીઓ પગારદાર હશે. તેમનો પગાર સંસદ નક્કી કરશે.

૧૦

રાજ્યસભાની રચના

હિંદની પાર્લમેન્ટની લોકસભાની રચના વિષે જોયા પછી હવે તેની ખાસ સભા કે રાજ્યસભા કેવી રીતે રચાશે તે જોઈએ.

રાજ્યસભામાં દેશનાં જુદાં જુદાં રાજ્યોના બધા મળીને વધારેમાં વધારે ૨૩૮ પ્રતિનિધિઓ હશે.

તે ઉપરાંત ૧૨ સભ્યોને રાષ્ટ્રપ્રમુખ નીમશે.

એમ કુલ વધારેમાં વધારે ૨૫૦ સભ્યની રાજ્યસભા બનશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા દેશનું રાજ્યતંત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદાં જુદાં રાજ્યો કેટકેટલા પ્રતિનિધિ મોકલી શકે તે નક્કી કરીને બંધારણના પરિશિષ્ટની યાદી નં. ૪માં આપવામાં આવ્યું છે. તે તે રાજ્યની ધારાસભાના ચૂંટાયેલા સભ્યો પોતપોતાના પ્રતિનિધિઓ ચૂંટશે. એવો નિયમ નથી કે, ચૂંટાય તે પ્રતિનિધિ તે તે ધારાસભાનો સભ્ય હોવો જોઈએ. ગયા પ્રકરણમાં જોયું તે મુજબની લાયકાત ધરાવનાર કોઈ હિંદી ઊભો રહી શકે છે.

પ્રતિનિધિઓની ચૂંટણી, પસંદગીનો ક્રમ દર્શાવતી એક જ મત આપવાની 'એકડા'-પદ્ધતિથી કરવામાં આવશે.

રાષ્ટ્રપતિએ જે ૧૨ સભ્ય નીમવાના છે તે એવા માણસો હોવા જોઈએ કે જેમની પાસે સાહિત્ય, વિજ્ઞાન, કળા અને સમાજસેવા જેવી બાબતોમાં ખાસ જ્ઞાન છે અથવા તે વિષેનો પ્રત્યક્ષ અનુભવ છે.

રાજ્યસભા કેટલાં વરસ ટકી શકે એ બાબતમાં એવો કાયદો કરવામાં આવ્યો છે કે, તેનું વિસર્જન કરવામાં નહીં આવે, પરંતુ દર બીજે વરસે, તેના કુલ સભ્યોનો લગભગ $\frac{1}{3}$ ભાગ, પાર્લમેન્ટ કાયદો કરીને ઠરાવે એ ઢબે, સભાના સભ્યપદેથી નીકળી જતો રહેશે. એટલે તેટલા સભ્યો નવેસર આવ્યા કરશે, એમ થયું; એ રીતે તે સભા પલટાતી રહેવાની.

પાર્લમેન્ટ પોતાનું કામ કઈ ઢબે કરશે તે હવે પછી જોઈશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

પાર્લમેન્ટની કાર્યપદ્ધતિ

ભારતની પાર્લમેન્ટ કે સંસદ કઈ ઢબે પોતાનું કામ કરશે તે હવે જોઈએ.

લોકસભાની રચના કેવી રીતે થશે તે જોયું. તે પરથી સ્પષ્ટ થાય છે કે, પ્રજાના પ્રતિનિધિઓનું મહત્ત્વનું મંડળ એ ગણાય. આમ પ્રજાની સભા એ છે. રાજ્યસભા ખાસ સભા છે. તેથી કામકાજની દૃષ્ટિએ લોકસભાનું મહત્ત્વ વધારે હોવું જોઈએ. તેથી કાયદા કાનૂન બનાવવામાં લોકસભાને બંધારણે વધારે હક આપ્યો છે. જેમ કે, આમ તો એવો નિયમ છે કે, રાજ્યસભા કે લોકસભામાં ગમે ત્યાં કોઈ કાયદો કરવાનો વિચાર શરૂ કરી શકાય. પરંતુ તેમાં એક અપવાદ છે. તે એ કે, નાણાંકીય બાબતનો કાયદો કરવાનો હોય તો પહેલો તે લોકસભામાં આવવો જોઈએ. ત્યાંથી પસાર થઈને પછી તે રાજ્યસભા પાસે જઈ શકે. ઉપરાંત રાજ્યસભા પર એવું બંધન છે કે, તેને તે કાયદાનું બિલ મળે ત્યારથી ૧૪ દિવસમાં તે ઉપર વિચાર કરી, પોતાની ભલામણો સાથે, તેણે તે પાછું મોકલી દેવું જોઈએ. મોડું કરે તો આપોઆપ એમ મનાશે કે, તેણે તે મંજૂર કર્યું છે. વળી ૧૪ દિવસમાં આવા નાણાંકીય બિલ ઉપર વિચાર કરી રાજ્યસભા ભલામણો મોકલે, તે બધી કે એકેય સ્વીકારવાને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકસભા બંધાઈ નથી; ઠીક લાગે તે જ એમાંથી લોકસભા સ્વીકારે ને બીજી જતી કરે.

સંસદની બે સભાના હકમાં આ એક મોટો ફેરફાર છે. તે બાદ કરતાં બીજાં કામોમાં બંને સભા સરખી હકદાર છે.

કોઈ પણ કાયદાનું બિલ બંને સભાઓમાંથી પસાર થવું જોઈએ.

એમ પાસ થયેલું બિલ પછી રાષ્ટ્રપતિ પાસે જશે. તે તેને મંજૂરી આપે અથવા તે આપવાનું મોકૂફ પણ રાખે. મંજૂરી આપે તો તે કાયદો થયો ગણાય; પછી સત્તાવાર અમલ થઈ શકે. પરંતુ મંજૂરી મોકૂફ રાખી રાષ્ટ્રપતિ તે બિલમાં ઇચ્છે તે ભાગ વિષે સંસદને ફરી વિચારવા પણ જણાવી શકશે, અને તે મુજબ તેમાં સુધારો કરવાનું વિચારવા સંદેશો મોકલશે. બિલમાં સુધારો કરવાના રાષ્ટ્રપતિના સંદેશા પ્રમાણે સંસદ પાછી વિચાર કરશે ને પોતાને ઠીક લાગે તો તે સુધારો સ્વીકારશે કે નહીં સ્વીકારે; અને પછી ફરી રાષ્ટ્રપતિ પર મોકલશે. આમ ફરીને આવેલા કાયદાને રાષ્ટ્રપતિ મંજૂરી આપવા ના પાડી નહીં શકે.

નાણાંકીય બિલ હોય તો તેને માટે ખાસ કાર્યપદ્ધતિ બંધારણે નક્કી કરી છે. પ્રજાનાં નાણાંના ઉપયોગની બાબતમાં ખૂબ ચીવટ અને ચોકસાઈ રહે, એ તેનો હેતુ છે. રાષ્ટ્રપતિ ભલામણ કરે કે, અમુક બાબતનું ખર્ચ કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવું છે, ત્યારે લોકસભા વિચાર કરી શકે છે; તે ઠીક લાગે તો મંજૂર કરે કે તેમાં ઘટાડો પણ કરી શકે છે.

આ ઉપરાંત સંસદની કાર્યપદ્ધતિ વિષે બીજી બેએક બાબતો જાણવા જેવી છે. કોઈ વાર એમ બને કે, લોકસભા અને રાજસભામાંની કોઈ એક સભાએ બિલ પાસ કર્યું, પણ બીજી સભા તે નાપાસ કરે, કે તેમાં સુધારા અંગે બંને સભા એકમત ન થાય, કે બીજી સભા પાસે તે બિલ છ મહિનાથી વધુ વાર પડી રહે, તો કામ અટકી પડે. આવી આંટીને પ્રસંગે બંધારણે એવી જોગવાઈ કરી છે કે, રાષ્ટ્રપતિ સદરહુ કામ પર વિચાર કરવા બંને સભાની ભેગી બેઠક બોલાવી શકશે. એમ મળેલી ભેગી બેઠક પછી બહુમતીથી નક્કી કરી જેમ તોડ કાઢે તેમ તે કાયદો પસાર કરી શકાય.

કોઈ વાર સંસદ બેઠી ન હોય અને ખાસ સંજોગોને લઈને અમુક કાયદાની તાત્કાલિક જરૂર પડે, તો સંસદને બદલે રાષ્ટ્રપતિ પોતે વટહુકમ કાઢી શકે, એવી જોગવાઈ પણ બંધારણમાં રાખી છે. અને તેનો અમલ કાયદા પેઠે થશે. તેમાં મર્યાદા એ છે કે, તે કાઢ્યા પછી સંસદ મળે ત્યારે તેની બંને સભાઓ આગળ તે મૂકવો જોઈએ. જો બંને સભા ત્યાર પછી છ અઠવાડિયાંની અંદર એને નાપસંદ કરતો ઠરાવ પસાર કરે, તો તે રદ થશે. સંસદ મળ્યા પછી છ અઠવાડિયાં પૂરાં થયે તે આપેઆપ રદ થશે; તેને માટે કોઈ ઠરાવ કે બીજા કશાની જરૂર નહીં રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

ભારત-સંઘ અને તેનાં રાજ્યો

આપણો દેશ અનેક પ્રદેશરાજ્યોનો સંઘ કે સમવાય છે. આ રાજ્યો મોગલ રાજ્યમાં દેશના સૂબા પાડ્યા હતા એવા સૂબા નથી; સૂબા તો કેવળ વહીવટી જરૂર જોઈને રચાતા વહીવટી વિભાગો જ ગણાય. ભારત-સંઘ જે રાજ્યોનું બનેલું છે, તે રાજ્યો એવા કેવળ વહીવટી એકમો નથી; પરંતુ બંધારણમાં તેમને પણ અમુક પોતાનો મોભો, દરજ્જો અને સત્તા મળેલાં છે. સંઘ અને આવાં તેનાં રાજ્યો એકમેક સાથે કેવી રીતે વર્તે, તેની વ્યવસ્થા પણ બંધારણે કરી આપી છે. એ વ્યવસ્થામાં રહીને સંઘનાં બધાં રાજ્યો પણ સર્વસત્તાથી ચાલી શકે છે.

પરંતુ આનો અર્થ એવો નથી કે, એ બધાં રાજ્યો પોતે સ્વતંત્ર જુદાં જુદાં રાજ્યો કે રાષ્ટ્રો છે. રાજ્ય કે રાષ્ટ્ર તો એક છે અને તે હિંદુસ્તાન અથવા ભારત. આ સાધવાને માટે બંધારણે એવું ઠરાવ્યું છે કે, કોઈ પણ રાજ્યમાં રહેતો માણસ તે તે રાજ્યનો નહીં, પણ ભારતનો નાગરિક છે; અને તે તરીકે તેને જે હકો બંધારણથી મળે છે, તે એ આખા ભારતમાં ગમે ત્યાં ભોગવી શકે છે. પોતાના વતનના રાજ્યની એને મર્યાદા નથી.

પોતાની મર્યાદામાં રાજ્યો પણ અમુક બંધારણીય સત્તાઓ ધરાવે છે. તેની બાબતોમાં તેઓ ઇચ્છે તેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાયદા કરી શકે છે. તેને સારુ તેમને ધારાસભાઓની જોગવાઈ બંધારણે કરી આપી છે. એટલે આપણા બંધારણ મુજબ દરેક રાજ્યમાં અમુક ઢબની ધારા ઘડનારી વ્યવસ્થા પણ રહેશે. આ વ્યવસ્થા કેવી રીતની હશે એ હવે પછી અલગ વિચારીશું.

સંઘની પાર્લમેન્ટ તથા તેનાં પ્રદેશ-રાજ્યોની ધારાસભાઓ — એમ અનેક ધારા ઘડનારાં મંડળો થયાં. એટલે કોણ કયા કે કેવા ધારા ઘડી શકે, એની મર્યાદા આંકી આપવી જોઈએ. બંધારણે તેની કલમ ૨૪૬ સાથે ત્રણ યાદીઓ આપી તેમાં નિરનિરાળા વિષયો નક્કી કરીને, આ મર્યાદા આંકી છે. એ યાદીઓ નીચે પ્રમાણે છે :

૧. **સંઘની યાદી :** આમાં એવી બાબતો ગણાવી છે કે જે આખા સંઘ માટે એક-રૂપે વિચારવી ઘટે અને તેથી જેમને વિષે સંઘની પાર્લમેન્ટ જ ધારા ઘડી શકશે. એવી કુલ ૯૭ બાબતો તે યાદીમાં છે. જેવી કે, સંઘનું સંરક્ષણ, પરદેશો સાથે સંબંધ, લશ્કર, વિમાનવ્યવસ્થા, રેલવે, તાર-ટપાલ વગેરે.

૨. **રાજ્યની યાદી :** એમા એવી બાબતો છે કે જેની સાથે સ્થાનિક સ્થિતિ જોઈને જ તે રાજ્યે ધારા ઘડવા ફાવે. એવી કુલ ૬૬ બાબતો આ યાદીમાં મૂકી છે. જેમ કે, શાંતિ અને વ્યવસ્થા, પોલીસ, સ્થાનિક સ્વરાજ, શિક્ષણ ઇ૦. સામાન્ય રીતે આ વિષે રાજ્યો જ ધારા ઘડી શકશે. પરંતુ બંધારણમાં એવી જોગવાઈ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે, રાષ્ટ્રનું સમગ્ર હિત વિચારીને અમુક વિશેષ સંજોગોમાં તે યાદીના વિષયોમાં પાર્લમેન્ટ ધારા ઘડી શકે.

૩. આમ મોટે ભાગે બધા વિષયો બે વચ્ચે વહેંચાયા છતાં, કેટલાય એવા વિષયો પણ હોય કે જેમાં સંઘ અને રાજ્ય બંનેને લેવાદેવા હોઈ શકે. આથી કરીને ત્રીજી '**સહિયારી**' **યાદી** આપવામાં આવી છે. તેમાં ૪૭ બાબતો મૂકવામાં આવી છે. અને એવું નક્કી કરવામાં આવ્યું છે કે, આ સહિયારી યાદીના કોઈ વિષયમાં સંઘની પાલમેન્ટ જો ધારો ઘડે, તો તે રાજ્યે તે વિષે ઘડેલા કોઈ ધારાથી ચડિયાતો ને ઉપર ગણાશે.

આમ ગણાવ્યા છતાં કોઈ બાબત રહી જતી હોય, તો તે વિષે ધારા ઘડવાની બાકી સત્તા સંઘની સંસદ પાસે રાખવામાં આવી છે.

આમ ધારા ઘડવા માટેનાં ક્ષેત્રો નિયત કરવા ઉપરાંત કારોબારી તથા નાણાંકીય ક્ષેત્રો પણ નિયત થવાં જોઈએ. તેને માટે પણ બંધારણમાં જોગવાઈ વિચારી છે.

આ બધાની અંદર મુખ્ય મુદ્દો એ જળવાયો છે કે, આખું બંધારણ જડ ન બને, તથા સંઘનાં રાજ્યોને પોતપોતાની સ્થિતિ પ્રમાણે વિચારીને વિકાસ કરવાની મોકળાશ રહે; પરંતુ તેની સાથે એ પણ સચવાય કે કેન્દ્રીય સંઘ એક ને મજબૂત રહે અને રાષ્ટ્રનાં રાજ્યો છૂટાં કે નિરંકુશ બનીને સંઘને નબળો ન પાડે. તેથી કરીને, આ ઉદ્દેશ જાળવવા માટે, સંઘની વડી સરકારને તથા રાષ્ટ્રપતિને કટોકટીમાં વાપરવાની ખાસ સત્તાઓ પણ આપવામાં

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી છે. કોઈ રાજ્યનો કારોબાર સાવ કથળી કે વણસી જાય, તો રાષ્ટ્રપતિ ખાસ જાહેરનામું કાઢીને તે પોતાને હસ્તક લે કે પોતે જેમ ઠીક માને તે રીતે ગોઠવી શકે, એવી ખાસ જોગવાઈ પણ બંધારણે વિચારી રાખી છે.

૧૩

ભારત-સંઘની રાજ્યરચના

ભારત અનેક રાજ્યોનો એક સમવાય કે સંઘ છે, એ આપણે જોઈ ગયા. આવાં રાજ્યો કુલ ૨૯ છે. તેમની યાદી બંધારણની પહેલી સૂચિમાં આપી છે. આ રાજ્યો અંગ્રેજી રાજ્યના જમાનાનાં પ્રાંતો તથા દેશી રાજ્યોના મુલકનાં બનેલાં છે; તે યાદીમાં એ બંને ભાતના પ્રદેશો આવી જાય છે. ભારતના સ્વતંત્ર બંધારણે એક મોટું કામ કરી આપ્યું છે તે એ છે કે, બ્રિટિશ પ્રાંતો અને દેશી રાજાઓનાં રાજ્યોને એક સાંકળમાં મૂકી આપીને આખા દેશને એકસૂત્ર કર્યો છે. પરંતુ એ બંનેનો ઇતિહાસ જુદો છે; તેમાં ચાલતી રાજ્યપદ્ધતિ જુદી હતી. વળી દેશી રાજ્યોમાં થોડાંક ગામોનાં નાનકડાં રાજ્યો પણ હતાં અને નિઝામનું હૈદરાબાદ પણ હતું. વળી તે રાજ્યોમાં પ્રજાતંત્રની લોકશાહી ઢબ નહોતી, પણ રાજાશાહી અને તેની આપખુદી ચાલતી હતી. આવા આવા મોટા ફરકોને ધ્યાનમાં લઈને ભારતના રાજ્યબંધારણમાં તેનાં રાજ્યોના क, ख, ग એમ ત્રણ મોટા ભાગ પાડવામાં આવ્યા છે. क વિભાગમાં જૂના બ્રિટિશ પ્રાંતો મૂક્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. આસામ, ૨. બિહાર, ૩. મુંબઈ, ૪. મધ્ય પ્રદેશ (જૂનું નામ સી. પી.), ૫. મદ્રાસ, ૬. ઓરિસ્સા, ૭. પંજાબ, ૮. યુક્ત પ્રાંત (ઉત્તર પ્રદેશ), ૯. પશ્ચિમ બંગાળ.

ख વિભાગ

૧. હૈદરાબાદ, ૨. જમ્મુ અને કાશ્મીર, ૩. મધ્ય ભારત, ૪. મૈસૂર, ૫. પતિયાળા અને પૂર્વ પંજાબ રાજ્યમંડળ (ટૂંકમાં અંગ્રેજીમાં 'પેપ્સુ' કહે છે.), ૬. રાજસ્થાન, ૭. સૌરાષ્ટ્ર, ૮. ત્રાવણકોર-કોચીન, ૯. વિંધ્ય પ્રદેશ.

ग વિભાગ

૧. અજમેર, ૨. ભોપાળ, ૩. બિલાસપુર, ૪. કૂચ બિહાર, ૫. કુર્ગ, ૬. દિલ્હી, ૭. હિમાચલ પ્રદેશ, ૮. કચ્છ, ૯. મણિપુર, ૧૦. ત્રિપુરા.

ઉપરાંત આંદામાન અને નિકોબાર ટાપુ બાકી રહે છે તેમને ચોથા घ વિભાગ તરીકે મૂકવામાં આવ્યા છે.

ભારતનાં આ પ્રમાણે પ્રદેશરાજ્યો પાડવામાં આવ્યાં છે. તેમાં નવા પ્રદેશનો ઉમેરો કરવાનું આવે; અથવા તો કોઈ કારણે તેમની હદોમાં ફેરફાર બીજાં રાજ્યોમાં કરવો હોય, એટલે કે, તેનો વિસ્તાર ઓછોવત્તો કરવો હોય; અથવા તો તેનું નામ બદલવું હોય; અથવા તો તેમાંનાં અમુકને ભેગાં કરીને કે અમુક તમુક તેના પ્રદેશો કાઢી ઘાલીને નવું રાજ્ય રચવું હોય; — મતલબ કે, ઉપરની બંધારણે નક્કી કરેલી રાજ્યરચનામાં કોઈ સુધારો કરવાનો આવે કે કરવો હોય, તો ભારતની સંસદ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાર્લમેન્ટ તેવો કાયદો કરીને કરી શકે છે. જેમ કે, ચંદ્રનગર, પાંડીચેરી ઇ૦ ફ્રેન્ચ હિંદનો પ્રદેશ ભારતમાં ભેગો થાય કે ગોવાનો પ્રદેશ આવે, તો તે ભારતના બંધારણે કાનૂનસર ઠરાવેલા વિસ્તારમાં વધારો થયો ગણાય. અથવા, અત્યારે આપણે મોજૂદાં રાજ્યોની નવરચના વિચારીએ છીએ, તે નવો વિસ્તાર-વધારો નથી, પણ મોજૂદાં રાજ્યોની પુનર્રચના કે તેમની હદોમાં સુધારો કરીએ છીએ.

રાજ્યોના સુધારાવધારાનું આ કામ પાર્લમેન્ટ કાયદાથી કરી શકે છે. તેને માટે બંધારણમાં ફેરફાર કરવાની પદ્ધતિએ કામ લેવાની જરૂર નથી રાખી. પણ તેમાં અમુક મર્યાદા બંધારણે આંકી છે, તે જાણવી જોઈએ.

રાજ્ય-વિસ્તારના સુધારા કે વધારાનું બિલ પાર્લમેન્ટની કોઈ પણ સભામાં દાખલ કરી શકાય; પણ તેમ કરવાને માટે રાષ્ટ્રપતિની એ મુજબની ભલામણ જોઈએ.

આવી ભલામણ કરતા પહેલાં રાષ્ટ્રપતિએ અમુક પૂર્વ પગલાં લેવાં જોઈએ. જો એવું બિલ क કે ख વિભાગનાં રાજ્યોની હદને કે નામને સ્પર્શતું હોય, તો રાષ્ટ્રપતિએ લાગતાવળગતા દરેક રાજ્યની કે રાજ્યોની ધારાસભાઓનો તે વિષે શો વિચાર છે, તે પહેલો જાણી લેવો જોઈએ; તે પછી જ તે સંસદને ભલામણ કરી શકશે. તે તે રાજ્ય કે રાજ્યો ફેરફાર કરવાનો કાયદો કરવા વિષે શું કહે છે, અને જે ફેરફાર કાયદામાં સૂચવાયો હોય તે વિષે શું કહે છે — આ બેઉ બાબતોમાં પહેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગતાં વળગતાં રાજ્યોની ધારાસભાઓને રાષ્ટ્રપતિએ પૂછી લેવું જોઈએ. અને તે પછી જ તે સંસદને ભલામણ કરી શકે.

આ ઢબે બિલ પાર્લમેન્ટમાં આવે તેમાં જે ફેરફારો થતા હોય તેમને લક્ષમાં લઈને, તેના અમલને માટે જે જે જોગવાઈઓ કરવાની હોય, તે બધીની કલમો પણ આ કાયદામાં સંસદ મૂકી શકશે. મતલબ કે, સદરહુ ફેરફાર કરવા માટે વિગતવાર જરૂરો વિચારીને તેનો કાયદો સંસદ ઉપરની પદ્ધતિએ પસાર કરીને રાજ્યોની નવરચના કરી શકે છે.

૧૪

ભારતનાં રાજ્યોની સરકારો – ૧

બંધારણમાં क ख ग घ એમ ચાર વિભાગ પાડી ભારતની રાજ્યરચના ગોઠવી છે. તેની હકૂમત કઈ રીતે ચાલે તેનો પ્રબંધ એ ચારે માટે જુદી જુદી ઢબે અલગ અલગ વિચાર્યો છે, તે હવે જોઈએ.

क વિભાગનાં કુલ નવ રાજ્યો છે, તે દરેક માટે એક એક ગવર્નર રહેશે. આ દરેક રાજ્યની હકૂમત તેના હાથમાં રહેશે. તે એનું સંચાલન બંધારણ મુજબ પોતે કે પોતાના તાબાના અમલદારો મારફત કરશે.

ગવર્નરની નિમણૂક રાષ્ટ્રપતિ કરશે, અને તે સામાન્યપણે ૫ વરસને માટે હશે. પણ તે દરમિયાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતનાં રાજ્યોની સરકારો



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાષ્ટ્રપતિ તેને દૂર કરી શકે અથવા ગવર્નર પોતે રાષ્ટ્રપતિને રાજીનામું આપી શકે.

જે ગવર્નર નિમાય તે ભારતનો નાગરિક હોવો જોઈએ અને પૂરાં ૩૫ વરસથી ઓછી ઉંમરનો તે ન હોય. તે ભારતની પાર્લમેન્ટ કે क વિભાગના કોઈ રાજ્યની ધારાસભાનો સભ્ય ન હોય; અને જો હોય અને તેની નિમણૂક થાય તો તેથી આપોઆપ તે તેનો સભ્ય મટી જશે.

ગવર્નરને મફત રહેવાનું તથા પાર્લમેન્ટ ઠરાવે તે પગાર અને ભથ્થાં મળશે. એક વાર નક્કી થયા પછી તેની કારકિર્દી દરમિયાન તેમાં ફેરફાર નહીં કરી શકાય.

ગવર્નર હોદ્દા પર આવે ત્યારે તેણે બંધારણને વફાદારીના નક્કી કરેલા સોગન લેવા જોઈશે

ગવર્નરના કામકાજમાં કોઈ અણધારી મુશ્કેલી આવે કે જેને માટે ઘટતી જોગવાઈ બંધારણમાં ન મળે, તો તે વખતે રાષ્ટ્રપતિ તેમને ઠીક લાગે તેવી જોગવાઈ કરી શકશે.

ગવર્નરને સલાહ આપવાને માટે પ્રધાનમંડળ હશે, જેનો પ્રમુખ મુખ્ય-પ્રધાન રહેશે. પ્રધાનમંડળની સલાહ પ્રમાણે ગવર્નર પોતાનું કામ કરશે, સિવાય કે બંધારણે એવી બાબત સૂચવી હોય જેમાં ગવર્નરને ઇચ્છે તેમ વર્તવાની મુનસફી આપી હોય.

મુખ્ય-પ્રધાનની નિમણૂક ગવર્નર કરશે, અને મુખ્ય-પ્રધાન જેમને પ્રધાનો તરીકે લેવાની સલાહ આપે તેમને પ્રધાન તરીકે ગવર્નર નીમશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રધાનમંડળ રાજ્યની ધારાસભાને જવાબદાર રહીને વર્તશે.

કોઈ પ્રધાન લાગલગાટ છ મહિના સુધી જો તેના રાજ્યની ધારાસભાનો સભ્ય નહીં હોય, તો તેટલા સમયને અંતે તે પ્રધાન નહીં રહી શકે.

પ્રધાનોને પગાર, ભથ્થાં ઇ૦ ધારાસભા ઠરાવે તે મુજબ અપાશે.

આ ઉપરાંત ગવર્નર રાજ્યને માટે સરકારી વડો વકીલ કે ઍડવોકેટ-જનરલ નીમશે. તે માણસ હાઈકોર્ટનો જજ થઈ શકે એવી લાયકાતવાળો હોવો જોઈએ. રાજ-કારભારમાં કાયદાને અંગે જે તે બાબતો સંભાળવાનું તેનું કામ રહેશે.

ગવર્નરની મરજી હોય ત્યાં સુધી તે પોતાના પદે રહેશે અને તે ઠરાવે એ પગાર એને મળશે.

क વિભાગનાં રાજ્યો માટેની સરકાર રચવાની વ્યવસ્થા ઉપર પ્રમાણે છે. એક વસ્તુ એ રહે છે કે, બિહાર, મધ્ય પ્રદેશ અને ઓરિસ્સા કે જે રાજ્યોમાં આદિવાસી કહેવાતી જાતિઓ ખૂબ સંખ્યામાં છે, ત્યાં તે જાતિઓના કલ્યાણ માટે ખાસ પ્રધાન નીમવો જોઈએ, એવી ફરજ બંધારણે મૂકી છે. આ પ્રધાન બીજાં કામો પણ તેની સાથે કરી શકશે, પણ ઉપરનું ખાસ કામ એક અલગ પ્રધાનને ભાળવવું જોઈએ એવું બંધારણીય ફરમાન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

ભારતનાં રાજ્યોની સરકારો—૨

ભારતનાં રાજ્યોના ત્રણ ભાગ બંધારણે પાડ્યા છે—क, ख, ग. તે દરેકમાં કયાં કયાં રાજ્યો આવ્યાં છે તે અગાઉ આપણે જોઈ ગયા છીએ. क વિભાગમાં જૂના બ્રિટિશ પ્રાંતો—ગવર્નરના પ્રાંતો આવે છે. ख વિભાગમાં જૂનાં દેશી રાજ્યોનું નવસંગઠન કરીને જે રાજ્યો બનાવવામાં આવ્યાં છે, તે આવે છે. તેના અધિષ્ઠાતાને ગવર્નર નહીં પણ **રાજ્યપ્રમુખ** કહેવામાં આવે છે. એટલો ફેરફાર કરી લઈએ, તો क વર્ગનાં રાજ્યોનું અને ख વર્ગનાં રાજ્યોનું બંધારણ સરખું જ છે.

રાજ્યપ્રમુખ ગવર્નર પેઠે રાષ્ટ્રપતિ નીમતા નથી, પણ બ્રિટિશ રાજ્યકાળનો દેશી રાજા તે અંગે નક્કી થયા પ્રમાણે તેનો રાજ્યપ્રમુખ થાય છે.

રાજ્યપ્રમુખને રહેવાનું મકાન તથા વર્ષાસન ઉપરાંત રાષ્ટ્રપતિ ફરમાવે તે મુજબ ખાસ હકો તથા ભથ્થાં મળી શકે છે.

ख વર્ગના દરેક રાજ્યમાં ધારાસભા હશે. મૈસૂર રાજ્યમાં ઉપલી ને નીચલી એમ ધારાસભાની બે શાખા રહેશે; બીજાં રાજ્યોમાં એક.

ग વર્ગનાં રાજ્યોનો વહીવટ રાષ્ટ્રપતિ કરે એમ બંધારણ જણાવે છે. રાષ્ટ્રપતિ પોતાને ઠીક લાગે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામો પૂરતો તે તે રાજ્ય માટે **ચીફ કમિશનર** કે **લેફ્ટનન્ટ ગવર્નર** નીમશે; અથવા પડોશના રાજ્યની સરકારને પૂછીને અને તે તે ગ રાજ્યના લોકોની મરજી જાણી લઈને પડોશના રાજ્યની સરકાર મારફતે રાષ્ટ્રપતિ વહીવટનું કામ લઈ શકશે.

પાર્લમેન્ટ ચાહે તો ગ વર્ગના કોઈ પણ રાજ્યને માટે ખાસ કાયદો કરીને તે રાજ્યનું બંધારણ ઘડી શકશે, અને તેમાં તે રાજ્ય માટે ધારાસભા કે સલાહકારો અથવા પ્રધાનોનું મંડળ રચવા જોગવાઈ કરી શકશે. તે રાજ્ય માટે હાઈકોર્ટ પણ પાર્લમેન્ટ ઊભી કરી શકશે.

કુર્ગ રાજ્ય વિષે ખાસ ઉલ્લેખ કરીને બંધારણમાં કહેવામાં આવ્યું છે કે, પાર્લમેન્ટ નવો કોઈ કાયદો ન કરે ત્યાં સુધી કુર્ગની ધારાસભાનું બંધારણ વગેરે તથા મહેસૂલી વ્યવસ્થા હતાં તેમ ચાલુ રહેશે.

આ ઉપરાંત ઘ વર્ગમાં આંદામાન નિકોબાર રાજ્ય છે, તેને માટે રાષ્ટ્રપતિ ઇચ્છે તે મુજબ વહીવટ ગોઠવશે, અને તે સારુ ચીફ કમિશનર કે બીજો અમલદાર પોતે નીમશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬

આપણા દેશની આંતરભાષા

આપણા દેશમાં ૩૫ કરોડ જેટલા લોકો રહીએ છીએ. તે બધા એક જ ભાષા નથી બોલતા. આપણે ગુજરાતી ભાષા બોલીએ છીએ. પૂના, પંઢરપુર જાઓ તો ત્યાં ગુજરાતી નહીં, મરાઠી ભાષા બોલાય છે. મૈસૂર તરફ જાઓ તો ત્યાં વળી નવી ભાષા બોલાય છે; તેને કાનડી કહે છે. કલકત્તા જાઓ તો બંગાળી ભાષા જોવા મળે. જગન્નાથ જાઓ તો ઊડિયા ભાષા મળે. પ્રયાગ, આગ્રા, મથુરા, દિલ્હી જાઓ તો હિંદી કે ઉર્દૂ ભાષા સાંભળવા મળે. આમ આપણા દેશમાં અનેક ભાષાઓ બોલાય છે. તેમાંની મુખ્ય મુખ્ય ગણીએ તો તે ૧૨–૧૩ જેટલી થાય છે. અને સંસ્કૃત એક વધારેની, જેની અસર તે બધી ભાષા ઉપર ઓછી કે વત્તી થયેલી છે.

આથી કરીને આપણે એક વાતનો વિચાર કરવાનો થાય છે — આપણે બધા ભેગા મળીએ ત્યારે કઈ ભાષાથી કામ લેવું? સૌ સમજે એવી આખા દેશની એક ભાષા હોવી જોઈએ. તો પછી આપણે વેપારરોજગાર, પ્રવાસ, તીર્થાટન, રાજકાજ, શિક્ષણ વગેરે કામોને માટે ભેગા મળીએ, તો દેશની એક ભાષાથી આપણું કામ ચલાવી શકીએ. દેશની આવી એક ભાષાને આંતરભાષા કહેવાય. એવી આપણી આંતરભાષા હિંદી કે હિંદુસ્તાની છે, એમ ગાંધીજી દેશને શીખવી ગયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે પરરાજ્ય ગયું અને સ્વરાજ આવ્યું છે. એટલે દેશની બંધારણસભાએ આ વાત પર વિચાર કરીને જાહેર કર્યું છે કે, આપણા દેશની વડી સરકારનું અને અરસપરસ પ્રદેશસરકારોનું બધું કામકાજ અંગ્રેજીને બદલે દેશની આ આંતરભાષા હિંદી કે હિંદુસ્તાનીમાં કરવામાં આવશે. અને તેમાં એ પણ કહ્યું છે કે, આ ભાષા બધે ચાલે એવી, બધી કોમોના અને પ્રાંતોના લોકોને ફાવે એવી સાદી સીધી અને સહેલી હશે. એ ભાષા કેવળ હિંદુ પંડિતોની સંસ્કૃત જેવી હિંદી નહીં, તેમ જ મુસલમાન મોલવીઓની ફારસી અરબી જેવી ઉર્દૂ પણ નહીં હોય. એ ભાષામાં સૌને આવકાર હશે; ભારતની સંસ્કૃતિ જેવી ઉદાર વિશાળતા તેમાં રહેશે.

આ ફેરફાર બહુ મોટો છે. તેથી તેને માટે ૧૫ વરસની મહેતલ મૂકી છે. અને તે કામ કેમ પાર પાડવું તેને માટે પાંચ પાંચ વરસે કમિશન નીમી તપાસ થશે. અને ત્યાં સુધી અંગ્રેજી ચાલુ રહે, એવી જોગવાઈ કરી છે.

આ ફેરફાર દેશમાં સ્વરાજ આણવાને માટે બહુ જરૂરનો છે. તે કરવાનું મોટું કામ કરીશું એટલે ધીમે ધીમે આ ભાષાથી દેશનું બધું કામકાજ ચાલવા લાગશે. એટલે દેશમાં સૌએ આ ભાષા હવે શીખવા માંડવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭

આપણી રાષ્ટ્રીય ભાષાઓ



આપણે જોયું કે, આપણે ત્યાં અનેક ભાષાઓ બોલાય છે. તે બધી આપણા દેશમાં પેદા થઈ છે; આપણી પેઠે તે બધી હિંદની જ વતની છે. તેથી તે બધી ભાષાઓને આપણે આપણી રાષ્ટ્રીય ભાષાઓ કહી શકીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી ભાષાઓ સેંકડો છે. પરંતુ તે બધી સાહિત્ય-વાળી નથી. બંધારણે તેમાંથી જે મુખ્ય છે, તેમની યાદી આપી છે. તેમાં નીચેની ૧૪ ગણાવી છે :—

૧. આસામી—આસામ પ્રાંતમાં તે બોલાય છે.

૨. બંગાળી—પૂર્વ પશ્ચિમ બેઉ બંગાળ પ્રાંતમાં તે બોલાય છે.

૩. કન્નડ કે કાનડી—કર્ણાટક તથા મૈસૂર રાજ્યમાં તે બોલાય છે.

૪. ગુજરાતી—આપણી ભાષા.

૫. હિંદી—મુખ્યત્વે યુક્ત પ્રાંતમાં બોલાય છે.

૬. કાશ્મીર—કાશ્મીરમાં તે બોલાય છે.

૭. મલયાલમ—છેક દક્ષિણમાં કન્યાકુમારી સુધીના કોચીન ત્રાવણકોર કે કેરળ કહેવાતા પ્રાંતમાં તે બોલાય છે.

૮. મરાઠી—મહારાષ્ટ્ર, વરાડ અને નાગપુર સુધી તે ભાષા બોલાય છે.

૯. ઊડિયા—ઓરિસ્સા પ્રાંતની ભાષા.

૧૦. પંજાબી—પૂર્વ પશ્ચિમ બેઉ પંજાબમાં બોલાતી ભાષા.

૧૧. તામિલ—મદ્રાસથી કન્યાકુમારી કે રામેશ્વર સુધી બોલાતી દક્ષિણની એક ભાષા.

૧૨. તેલુગુ—આંધ્ર તેલંગણ દેશની ભાષા.

૧૩. ઉર્દૂ—બિહાર, યુક્ત પ્રાંત, દિલ્હી તથા પંજાબ વગેરે આખા ઉત્તર હિંદમાં છૂટક બોલાતી હિંદી ભાષાને મળતી ભાષા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪. સંસ્કૃત.

એક સંસ્કૃત બાદ કરીએ તો આ બધી ભાષાઓ કરોડો લોકો બોલે છે. સેંકડો વરસોથી તે ચાલે છે. દરેકમાં અનેક ગ્રંથો લખાયા છે. તે ભાષા બોલનારા લોકોમાંથી અનેક દેશસેવકો, સાધુસંતો, અને વિદ્વાનો પાક્યા છે. કોઈ પણ પ્રજા તેમને માટે મગરૂરી ધરાવે, એવી જબરી ભાષાઓ એ છે.

આપણી ભાષાઓ એકમેકમાં ખૂબ મળતી આવે છે. સંસ્કૃત ભાષા એ બધી ભાષાની માળામાં સૂત્ર જેવી છે. બધી ભાષાઓ પોતાનો ભંડાર ભર્યો રાખવા માટે સંસ્કૃત, ફારસી, અરબી, અને અંગ્રેજી વગેરે પાસેથી જોઈએ તેટલું ધન લે છે અને પોતામાં પચાવી લઈને પુષ્ટ થાય છે. આ બધું આપણે એ ભાષાઓ ભણીએ તો તરત જણાય.

હવે સ્વરાજ આવ્યું છે, એટલે આ અભ્યાસ શરૂ થશે. બધા પ્રાંતોના લોકો એકબીજાને ત્યાં જશે આવશે ને અરસપરસ ભાષાઓમાં વાત કરશે. ભાષાઓનું શિક્ષણ વિદ્યાપીઠોમાં પણ ચાલશે. તેથી એકબીજાના વિચારો, સાહિત્ય વગેરે જાણીશું. આમ થશે એટલે આપણે સૌ એક પ્રજા છીએ અને આપણું વતન એક જ છે, એ ભાવ ચોખ્ખો દેખાશે. બોલી તો બાર ગાઉએ બદલાય, એમ આપણે કહીએ છીએ. પણ તેથી કાંઈ આપણે લોકો નથી બદલાઈ જતા. આપણે એક દેશના છીએ, એ અનુભવવા માટે આપણી ભાષાઓ જાણવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮

સ્વરાજ અને સ્વભાષા

આપણા દેશમાં તેર ચૌદ મોટી ભાષાઓ છે; તે કઈ કઈ ને ક્યાં બોલાય છે, એ આપણે જોયું. તેમાંની એક એક ભાષા કેવડા મોટા પ્રદેશમાં બોલાય છે! અને કેટલાક બધા લોકો તે બોલે છે!* આપણી માતૃભાષા ગુજરાતીનો દાખલો લો. પશ્ચિમમાં દ્વારકાથી પૂર્વમાં પાવાગઢ અને દાહોદ ડુંગરપુર સુધી તથા ઉત્તરમાં આબુથી દક્ષિણમાં દમણગંગા સુધી આ ભાષા બોલાય છે. કચ્છ, સૌરાષ્ટ્રના વિશાળ ભાગ તેમાં આવી જાય છે.

આ જ પ્રમાણે ભારતની દરેક મોટી ભાષાનો વિસ્તાર છે; અને આપણી પેઠે, તે તે ભાષા બોલનારાઓ પોતાની ભાષાને ચાહે છે અને તેનાં કાવ્યો ગાય છે.

અને આ કુદરતી છે. પોતાની ભાષા માતૃભાષા કહેવાય છે. જન્મ દેનારી માતા પેઠે જ ધનધાન્ય આપીને ધારણ કરનારી ધરતી અને વાચા અર્પનારી વૈખરી કે ભાષા — એ પણ મનુષ્યની માતા જ છે. તેથી જ આપણે

* ભાષાવાર હિંદની વસ્તીનો કોઠો પાછળ પુરવણીરૂપે આપ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતૃભૂમિ, માતૃભાષા એવા શબ્દો તે માટે વાપરીએ છીએ; અને આપણી માતા પેઠે જ તે આપણને વહાલી હોય છે; એમાં કોઈ કોઈની માતાની અદેખાઈ કે સરસાઈ કરવાનું હોતું નથી, આપણને એ સૂઝતું જ નથી.

હિંદના બંધારણમાં આ ભાષાઓને પ્રદેશભાષાઓ કહીને વર્ણવી છે. અને તે બાબતમાં એમ જણાવ્યું છે કે, દેશનાં પ્રદેશરાજ્યો પોતાના પ્રદેશમાં બોલાતી કોઈ એક યા અનેક ભાષાઓ હોય, તેને અને ઇચ્છે તો આંતરભાષા હિંદીને પણ પોતાના રાજ્યની રાજભાષા તરીકે વાપરવા માટે કાયદો કરી શકશે. મતલબ કે, ભારતનાં રાજ્યોની સરકારો પોતાની મહાન રાષ્ટ્રીય ભાષા કે ભાષાઓમાં પોતાનું કામકાજ ચલાવી શકશે. અને આખા દેશનું અથવા તો પ્રદેશરાજ્યો વચ્ચે અરસપરસ ચાલતું બધું કામ આપણી આંતરભાષા હિંદી મારફત કરીશું. આમ થશે એટલે હિંદનો બધો કારભાર, શિક્ષણ, ન્યાયખાતું વગેરે આપણી રાષ્ટ્રીય ભાષાઓ મારફતે ચાલશે. એમ વરસોથી સેવેલો એક મનસૂબો હવે સ્વરાજ આવ્યું એટલે ફળશે.

આપણી પ્રજાએ વરસોથી નક્કી કરેલું કે, જ્યારે દેશમાં સ્વરાજ સ્થપાશે ત્યારે, અંગ્રેજોએ દેશના જે પ્રાંતો પાડ્યા છે, તે સુધારી લઈશું અને દેશની ભાષાવાર પ્રાંત-રચના કરીશું. આથી મોટો ફાયદો એ થશે કે, દરેક ભાષાવાળા લોકો પોતાના પ્રદેશનું કામકાજ, શિક્ષણ વગેરે પોતાની ભાષામાં કરી શકશે. તેથી બધા લોકો તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજતા થશે અને ભાગ લઈ શકશે. તેથી સામાન્ય લોકને સરખી તક મળશે; તેમનો પણ દરજ્જો વધશે; તેઓ પોતાના મનના ભાવો નીડરપણે કહી શકશે; નહીં ભણ્યા હોય તો ભણવામાં એમને રસ પડશે. ટૂંકામાં સ્વરાજના નાગરિક તરીકે તેઓને સહેજે તાલીમ મળશે. એટલે ખરું સ્વરાજ રચવામાં તેઓ પોતાનો ફાળો આપી શકશે. અને એ તો જરૂરી છે; નહીં તો સ્વરાજ આવ્યું એમ કેવી રીતે કહી શકાય?

पुस्तकालय
गुरुकुल काँगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરવણી

ભાષાવાર હિંદની વસ્તી

ભાષા	કુલ	ટકા
૧ હિંદી ૨ ઉર્દૂ ૩ હિંદુસ્તાની* ૪ પંજાબી	૧૪,૯૯,૪૪,૩૧૧	૪૬·૩
૫ તેલુગુ	૩,૨૯,૯૯,૯૧૬	૧૦·૨
૬ મરાઠી	૨,૭૦,૪૯,૫૨૨	૮·૩
૭ તામિલ	૨,૬૫,૪૬,૭૬૪	૮·૨
૮ બંગાળી	૨,૫૧,૨૧,૬૭૪	૭·૮
૯ ગુજરાતી	૧,૬૩,૧૦,૭૭૧	૫·૧
૧૦ કન્નડ	૧,૪૪,૭૧,૭૬૪	૪·૫
૧૧ મલયાલમ	૧,૩૩,૮૦,૧૦૯	૪·૧
૧૨ ઊડિયા	૧,૩૧,૫૩,૯૦૯	૪·૦
૧૩ આસામી	૪૯,૮૮,૨૨૬	૧·૫
૧૪ કાશ્મીરી	૫૧,૦૮૬	—
૧૫ સંસ્કૃત	૫૫૫	—
કુલ....	૩૨,૩૯,૭૨,૬૦૭	૧૦૦

* બંધારણમાં ૧૪ ભાષાઓ દર્શાવેલી છે. પરંતુ કેટલાક લોકોએ હિંદી કે ઉર્દૂને બદલે હિંદુસ્તાની નામ ભર્યું તેથી ૧૯૫૧ની વસ્તીગણતરીમાં ૧૪ને બદલે ૧૫ ભાષાઓ ગણાવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાં વાંચવા જેવાં પુસ્તકો

૧. પ્રાચીન શીલકથાઓ	— ગોપાળદાસ પટેલ
૨. બોધક ટીકડીઓ	— મુકુલભાઈ કલાર્થી
૩. શીલ અને સદાચાર	— ” ”
૪. મોટાં માણસોનાં મન	— ” ”
૫. પચાસ પ્રેરક પ્રસંગો	— ” ”
૬. જાણવા જેવી વાતો	સં૦ ” ”
૭. વેર અને બદલો	— ગોપાળદાસ પટેલ
૮. સ્વરાજ એટલે શું (આપણા બંધારણમાંથી મૂળ હકો અને આદેશોવાળો ભાગ, સહેલી ભાષામાં)	— મગનભાઈ દેસાઈ

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar